## ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા આત્મા પ્રોજેક્ટ, જુનાગઢનાં ખેડુતો માટે ૩-દિવસનો તાલીમ કાર્યક્રમ યોજાયો

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા તા. ૧૨-૨-૨૦૧૭ થી ૧૫-૨-૨૦૧૭ (૩ દિવસ) સુધી "ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી" વિષય પર તાલીમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ૩૧ ખેડુત ભાઇઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડો. ડી. સી. જોષી, આચાર્યશ્રીએ સૌ તાલીમાર્થીઓને આવકારી આવી તાલીમ યોજવા પાછળનો હેતુ અને મહત્વ સમજાવ્યું. તેમજ વિવિધ કૃષિ પાકોમાં પ્રોસેસીંગ કેવી રીતે કરી શકાય તેની રસપ્રદ માહિતી આપેલ. ડૉ. એસ.એસ.કાપડીએ પુનઃપ્રાપ્ય ઉર્જાનુ મહત્વ અને પ્રોસેસીંગ ઉધોગમાં તેનાં ઉપયોગ વિષે તાલીમાર્થીઓને સવિસ્તૃત માહિતી આપેલ. મગફળીની વિવિધ મુલ્ય-વર્ધિત બનાવટો તેમજ પ્રોસેસીંગ વિષય પર ડૉ. એસ.એચ.અકબરીએ પાવર પોઇન્ટ પ્રેઝેંન્ટેશન દ્વારા વિવિધ ખાધ્ય-બનાવટો કેવી રીતે બનાવી શકાય તેનો વિડીઓ બતાવી માહિતી આપેલ. આ ઉપરાંત વિષય-નિષ્ણાત ડો.આર.આર.ગજેરા, પ્રો.કે.વી.વાળા, ડો.એસ.દત્તા, પ્રો.એ.વી.રવાણી, પ્રો.હર્ષ શર્મા, પ્રો.આર.બી.મોદી એ આ તાલીમ કાર્યક્રમમાં ઘઉ પાક: વિવિધ બેકરી બનાવટો , શાકભાજી:પોસ્ટ-હાર્વેસ્ટ મેનેજમેન્ટ અને કોલ્ડ-ચેઇન અગત્યત્તા , કેરીની મુલ્ય વર્ધિત બનાવટો અને પ્રોસેસીંગ, ટમેટા:સુપ, કેચપ બનાવટો, દુધ અને દુધની બનાવટો જેવા વિષયો પર તાલીમ આપવામાં આવેલ. આ ઉપરાંત વિવિધ ફૂડ પ્રોસેસીંગ મશીનરી , ફૂડ બીઝનેસ ઇન્ક્યુબેશન સેન્ટર , લેબોરેટરી, બાયો-એનર્જી પાર્ક , બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લીધેલ. સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન તાલીમ સંયોજક, ડૉ.એસ.એસ.કાપડી અને તાલીમ સહ-સંયોજક, કે. વી. વાળા દ્વારા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સફળતાપુર્વક કરેલ.










ખેડૂત તાલીમ કાર્યક્રમ
" ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી "

